# સુરત મહાનગરપાલિકા

**<u>પ્રેસનોટ (COVID-19)</u>**

**<u>તા.૦૨/૦૪/૨૦૨૧</u>**

કોરોના વાયરસનો નવો સ્ટ્રેઈન ખૂબ વધારે ચેપી છે. અગાઉના જે કોરોના વાયરસના સ્ટ્રેઈન હતા તેના કરતા પણ ખૂબજ વધારે ચેપી છે અને ખૂબ વધારે પ્રમાણમાં મલ્ટીપ્લીકેશન થતાં હોવાથી વાયરસ ઝડપથી ફેંફસાની અંદર પ્રવેશી શકે છે અને ફેંફસામાં ન્યુમોનિયા કરી શકે છે. અત્યારે કોવિડના લક્ષણો જુદા છે, કફ અને તાવ કયારેક જણાતા નથી પણ કોવિડ પોઝિટિવ થતા હોય છે. જોઈન્ટ પેઈન, વીકનેસ,ખાવાની ઈચ્છા ન થવી એવા લક્ષણો લઈ શરીરની અંદરોઅંદર ન્યુમોનિયા કરી શકે છે એટલે એમાં શરીરની કંડીશન ખરાબ થાય છે. પહેલા ૫ થી ૭ દિવસમા ન્યુમોનિયા થતો હતો અત્યારે ઓછા સમયમાં જ ન્યુમોનિયા થાય છે. તમામ સોસાયટીના કલબ બંધ રાખવામાં આવે ,જેટલુ શકય હોય એટલુ Work From Home કરવામાં આવે કોઈપણ અગત્યના કામ ન હોય તો ઘરેથી નીકળવું નહી. કોઈપણ વ્યકિતઓએ આજુ–બાજુ ખાલી મળવા માટે તેમજ અગત્યના કામ ન હોયતો ટાળવું. રીવર્સ કોરોન્ટાઈનની નિતિ અપનાવવી હિતાવહ છે. બાળકો અને વડીલોને ચેપ ન લાગે તે માટે તમામ તકેદારી રાખવી. બાળકો, વડીલોએ અચૂક માસ્ક પહેરવાનું જ છે. જેટલું શકય હોય તેટલું બાળકોને, વડીલોને ઘરમાં જ રાખવા. સુરત મહાનગરપાલિકા તથા પોલીસને માઈક્રો કન્ટેઈનમેન્ટમાં મદદ કરવી. તમામ એલીજીબલ લોકો અચૂક વેકસીન લે. વેકસીન સેફ અને સુરક્ષિત છે. વેકિસનથી હોસ્પિટલાઈઝેશનનું જોખમ ઓછું થાય છે. તમામ લોકોએ સંક્રમણના ઉપાયરૂપે કોવિડ–૧૯ની માર્ગદર્શિકાનું પાલન કરે ,સુરક્ષિત રહે તેવો અનુરોધ માન. મ્યુ. કમિશનર શ્રી બંછાનિધિ પાની, આઈ. એ. એસ એ કર્યો હતો.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,સમાચાર યાદી નં.૧૮**

**તા.૦૨/૦૪/૨૦૨૧**